# જય મહાકાલી, આયો ગોરખાલી



**સારાંશ**
★વિન્સી મરચન્ટ

સદીઓ સુધી નેપાળ એક હિન્દુ રજવાડું રહ્યું અને 2006માં તે ધર્મનિરપેક્ષ લોકશાહી બન્યું જેમાં રાજ્યો અને એક દેશની ફેડરલ સ્વીકારવામાં આવી. 2008માં આ નવી રાજ્ય વ્યવસ્થાને નેપાળના સંવિધાનમાં સ્વીકારવામાં આવી. પ્રચંડ જેવા સામ્યવાદી ચળવળકારોએ ચીનની અસરમાં રાજાશાહીને તિલાંજલિ અપાવી. રાજાશાહી પોતે એક સમસ્યા હતી. એક આખા રાજાશાહી ખાનદાનનો એના એક કુંવરે જ એક રાતમાં ગોળીઓ મારી ખાતમો બોલાવી દીધો હતો. નેપાળની કુલ ત્રણ કરોડની આબાદીમાં 81 ટકા આબાદી હિન્દુઓ છે. નેપાળને એક હિન્દુ રાષ્ટ્ર તરીકે ફરીથી પ્રસ્થાપિત કરવાની ચળવળ પણ ચાલી રહી છે. ચળવળકારો રાજાશાહીને પણ ફરીથી આણવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે. નેપાળ તેના પર્યટન ઉદ્યોગ માટે જાણીતુ છે. હિન્દુઓ કાઠમાંડુમાં પશુપતિનાથ જ્યોતિર્લિંગના દર્શને જાય છે. દુનિયાભરનાં લોકો એવરેસ્ટ પર્વતારોહણ માટે આવે છે. રીતભાત, પહેરવેશ અને ભાષાની રીતે નેપાળ ભારતનો એક ભાગ હોય એવું જ જણાય. પ્રજા ખુદ્દાર અને સ્વમાની છે, મહેનતી પણ છે પરંતુ જે થવી જોઈતી હતી તે પ્રગતિ થઈ નથી. આંતરરાષ્ટ્રીય દાણચોરી, ડ્રગ્સના કારોબારમાં ક્યારેક નેપાળનું નામ ઊછળે છે પરંતુ નેપાળ કોઈ માફિયા દેશની છાપ ધરાવતો નથી. નેપાળીઓની રોજગારીનો મોટો આધાર ભારત પર છે. મળતાવડા અને મુખ્યત્વે પ્રામાણિક સ્વભાવના નેપાળીઓ સોસાયટીઓ, સંસ્થાનોની રખેવાળીનાં કામ કરે છે. ગુજરાતના ગ્રામીણ પ્રદેશોમાં ખેતીવાડીના રખોપાનું કામ કરતા જોવા મળે. અમુક અસામાજિક તત્વો નેપાળી યુવતીઓને ભારતના રૂપબજારોમાં વેચી નાખતા હોય છે. પરંતુ નેપાળની સરકારે જાગૃતિ અભિયાન ચલાવ્યા બાદ પ્રમાણ ઘટ્યું છે. હિન્દુ અટકો ધરાવતા બ્રાહ્મણો, વાણિયા, રાજપૂતો વગેરે નેપાળમાં જોવા મળે. ભારતની સેનામાં તેઓની સંખ્યા પાંત્રીસ હજાર છે અને ભારતમાં લગભગ ત્રીસ લાખ નેપાળી નાગરિકો ધંધારોજગાર કરે છે.

નેપાળીઓની મોટી ખૂબી સાહસ અને સ્વભાવ અને તેમાં પણ સૌથી મોટી ખૂબી એ કે તેઓ મોતથી ન ડરે. પહાડોમાં ઊછર્યાં હોવાથી સરેરાશ નેપાળીનાં ફેફસાં મેદાનોમાં વસતાં લોકો કરતા 33 ટકા મોટો હોય છે. નેપાળના શેરપા લોકો નિયમિતપણે પ્રવાસીઓ અને સાહસિકોનો સમાન ઊઠાવી તેઓની સાથે એવરેસ્ટ કે કાંચનજંઘા જેવા અન્ય શિખરો ચડાવતા અને ઊતારતા હોય છે બીજાને ચડે એવી હાંફના ચડે, મીડિયામાં એવરેસ્ટ સર કરનારાનાં નામો છપાય છે ત્યારે આ શેરપાઓ તસવીરમાં બાજુએ રહી જાય છે. ન્યૂઝીલેન્ડના એડમંડ હિલેરીની સાથે સૌપ્રથમ વખત એવરેસ્ટ સર કરનારા નેપાળના શેરપા તેનઝીંગ નોરગે જ હતા. તેનઝીંગ વગર એડમંડ હીલેરી 1953માં એવરેસ્ટના શિખર પર પહોંચી શક્યા ન હોત. આ પ્રકારની ખૂબીઓને પ્રતાપે સેનાઓમાં નેપાળી યોદ્ધાઓ ખૂબ કિંમતી અને મહત્ત્વના પુરવાર થાય છે. હસતા મુખે તેઓ મરવા માટે તૈયાર રહે છે. ભારતના સ્વર્ગસ્થ ફિલ્ડ માર્શલ સામ માણેકશાએ લખ્યું છે કે, "જો કોઈ એમ કહે કે પોતે મોતથી ડરતો નથી તો કાં એ જુઠા બોલો છે અને અથવા તો ગુરખો છે." તેઓની બહાદુરીને કારાણે ભારતની સેનામાં તેઓની મોટી સંખ્યામાં ભરતી થાય છે. કારગીલ યુધ્ધમાં સૌથી મોટું બલિદાન ગુરખા અને પહાડી સૈનિકોનું રહ્યું હતું.

નેપાળ વેદકાળથી ભારતીય સંસ્કૃતિનો ભાગ રહ્યું છે. ભગવાન ગૌતમ બુધ્ધનો જન્મ નેપાળના દક્ષિણમાં આવેલા લુમ્બિની ખાતે થયો હતો. માતા સિત્તાજીનો જન્મ નેપાળમાં થયો હતો અને ત્યારથી ભારતનાં રાજપૂત, મરાઠાં, બર્મન, મણીપુરી અને દક્ષિણનાં શાહી ખાનદાનો વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર ચાલતો આવે છે. ભાજપના પૂર્વ આગેવાન ગ્વાલિયરના મહારાણી શ્રીમતિ વિજયા રાજે સિંધિયાનાં માતા નેપાળના રાણા રાજ-પરિવારના દીકરી હતાં.

હોંગકોંગમાં કે યુકેમાં આજે ઘણા નેપાળીઓ જોવા મળે, કારણ કે બ્રિટિશરોની ભારતીય ફોજમાં ગુરખા બટાલિયનો હતી. પ્રથમ અને બીજા વિશ્વ યુધ્ધમાં હજારો ભારતીય મૂળના સૈનિકો જર્મનો સામે લડ્યા અને શહીદ થયા હતા. ગઈ સદીના અંત સુધી હોંગકોંગ પર બ્રિટિશરોનું રાજ હતું અને ત્યાં પણ ગુરખા સૈનિકો ગોઠવી રાખ્યા હતા. એક રીતે યુકેની ઘર આંગણાની સેનામાં ગુરખા સૈનિકો હતા અને છે. એ બધાના સંતાનો અને સંતાનોના સંતાનો ત્યાં ઠરીઠામ થયાં છે.

ગુરખા પ્રજા ખૂબ સ્વતંત્ર મિજાજની અને હિંમતવાન છે. તેના ઉદાહરણો એ હકીકતોથી મળે છે કે છેક અગિયારમી સદીથી ભારત પર મુસ્લિમોનાં આક્રમણો શરૂ થઈ ગયા હતા, પરંતુ નેપાળ પર તેઓએ હુમલો કરવાનું દુ:સાહસ કર્યું ત્યારે માર સહન કરવો પડ્યો. પરિણામે નેપાળ સ્વતંત્ર તેમ જ હિન્દુ રજવાડું બની રહ્યું. વાત અહીં પૂરી થતી નથી. મોગલ શાસકો અને ભારતમાં અન્ય મુસ્લિમ શાસકો હિન્દુઓને બળજબરીથી મુસ્લિમો બનાવી રહ્યા હતા ત્યારે ધર્માનુરાગી ચુસ્ત હિન્દુઓની મોટી સંખ્યા હિજરત કરીને નેપાળમાં જતી રહી હતી. ત્યાં તેઓને સલામતી જણાઈ હતી. સોળમી સદીમાં નેપાળમાં રાજપૂતોનાં લગભગ પચાસ રજવાડાં હતાં. હમણાંના વરસો સુધી નેપાળની સંસ્કૃતિ નિર્ભેળપણે હિન્દુ રહી હતી, જ્યારે બાકીની હિન્દુ સંસ્કૃતિમાં મુસ્લિમ કલ્ચરની અસર જણાય છે એ પછી અંગ્રેજો આવ્યા. મોગલ સામ્રાજ્યનો તેઓએ અંત આણ્યો પરંતુ નેપાળને તેઓ ગ્રેટ બ્રિટનમાં ક્યારેય ભેળવી શક્યા નહી. આ કારણથી હિન્દુ બહુમતિ હોવા છતાં નેપાળ ભારતનો ભાગ નથી. ભારતને જ્યારે આઝાદી મળી ત્યારે નેપાળ ઓલરેડી સ્વતંત્ર જ હતું. અઢારમી સદીમાં ગોરખા રાજા પૃથ્વી નારાયણ શાહે નેપાળી રજવાડાઓને એક કરી હાલના નેપાળની સ્થાપના કરી હતી. જોકે તે માટે એમની સેનાએ નાનાં નાના યુદ્ધો લડવા પડ્યા હતા. 1815-16માં અંગ્રેજો સાથે પણ નેપાળીઓનું યુધ્ધ થયું હતું. ત્યારે અંગ્રેજોએ નેપાળીઓને ઓછા આંક્યા હતા. પરંતુ નેપાળીઓના હાથે હાર સહન કરવી પડી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના તાબામાં હતી એ કેટલીક જમીન નેપાળીઓએ જીતી લીધી હતી. આખરે બ્રિટિશરોએ ગોરખા સૈનિકોને માન આપવું પડ્યુ. તેઓની બહાદૂરીની સમજણ પડી. નેપાળીઓ ત્યારથી 'બહાદૂર' તરીકે ઓળખાવા માંડ્યા. આજે પણ ભારતમાં તેઓને 'બહાદૂર' કહીને બોલાવવામાં આવે છે. નેપાળીઓ સાથે 1816માં બ્રિટિશરો સંધિ કરી અને નેપાળીઓએ જે જમીન જીતી લીધી હતી તે બ્રિટિશરોને પાછી સોંપી દીધી. એ સંધિ 'સાગૌલી સંધિ' તરીકે ઓળખાય છે. ત્યારબાદ નેપાળનાં અલગ અલગ રાજવંશો વચ્ચે તેમ જ અંગ્રેજો સાથે ખૂનખરાબા અનેક વખત થયા. રાણા નામનો એક રજવાડી પરિવાર અંગ્રેજો સાથે મળી ગયો હતો. 1857ના બળવામાં રાણા પરિવાર અંગ્રેજોની સાથે રહ્યો હતો. 1923માં અંગ્રેજો અને નેપાળ વચ્ચે મિત્રતા માટેની નવી સંધિ થઈ. 1919માં નેપાળમાં સતિ પ્રથા અને 1924માં ગુલામી પ્રથા પર પ્રતિબંધો મૂકાયા. જોકે રાણાઓનું શાસન ક્રૂર અને વિલાસિતાથી ભરેલુ હતું. ત્યારબાદ ભારતમાં આઝાદીની ચળવળ સફળ રહી. એ સમયનાં નેપાળના રાજા ત્રિભુવને ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ઘણો સહકાર આપ્યો હતો. 1955થી 1972 સુધી નેપાળ પર રાજા મહેન્દ્રનું શાસન રહ્યું. ભારતમાં લોકશાહી આવી તેને ઉદાહરણરૂપે સામે રાખીને નેપાળમાં લોકશાહીય પંચાયતોની વ્યવસ્થા ઊભી કરાઈ હતી, પણ એ પ્રયોગોને રાજા મહેન્દ્રએ બંધ કરાવી દીધા. 1990માં પ્રજાનું આંદોલન થયું અને રાજા વિરેન્દ્રએ બહુપક્ષીય લોકશાહીય વ્યવસ્થા સ્વીકારવી પડી. 2001 સુધી રાજા મહેન્દ્રનું શાસન રહ્યુ. 1996 પછી નેપાળમાં માઓવાદીઓનું જોર વધી રહ્યું હતું. તેઓએ તેમના બંદૂકવાદના નિયમો પ્રમાણે નેપાળમાં આંતરિક રમખાણો કર્યાં અને કરાવ્યા જેમાં કુલ લગભગ સોળ હજાર નેપાળી નાગરિકોનાં મરણ થયાં. અને એ જ સમયમાં નેપાળના રાજકુટુંબના સામુહિક સંહારની ઘટના ઘટી હતી.'દરબાર હત્યાકાંડ' તરીકે ઓળખાતી શાહી કુટુંબની સામુહિક હત્યાની ઘટના પહેલી જૂન, 2001માં બની હતી. રાજા વિરેન્દ્ર અને રાણી ઐશ્વર્યા સહિત રાજ ખાનદાનના નવ સભ્યો નારાયણહિતી પેલેસમાં ડીનર પાર્ટી માટે એકઠા થયા હતા. કહે છે કે ત્યારના પાટળ કુંવર દીપેન્દ્રએ એના પિતા રાજા વિરેન્દ્ર અને માતા રાણી એશ્વર્યા સહિત તમામને અલગ અલગ બંદૂકો અને પિસ્તોલની ગોળીએ મારી નાખ્યા હતા અને બાદમાં પોતાની જાતને માથામાં ગોળી મારી દીધી હતી. એને કાઠમાંડૂની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં ત્રણ દિવસ બાદ એનું મરણ નીપજ્યું હતું. એ બેભાન હતો ત્યારે જ એને નેપાળનો રાજા જાહેર કરવામાં આવ્યો. ભાઈઓ-બહેનો સાથે પોતાના આખા કુટુંબને એણે મારી નાખ્યુ અને જાતે પણ મર્યો. કુલ દસનાં મરણ નીપજ્યાં.

**ગુરખા પ્રજા ખૂબ સ્વતંત્ર મિજાજની-હિંમતવાન છે. તેના ઉદાહરણો એ હકીકતોથી મળે છે કે છેક અગિયારમી સદીથી ભારત પર મુસ્લિમોનાં આક્રમણો શરૂ થઈ ગયા હતા, પરંતુ નેપાળ પર તેઓએ હુમલો કરવાનું દુ:સાહસ કર્યું ત્યારે માર સહન કરવો પડ્યો**

એક અહેવાલ પ્રમાણે પેલેસમાં પાર્ટી ચાલી રહી હતી ત્યારે નાશાકારક ડ્રગ્સના સેવન બાદ ધૂત થઈને દીપેન્દ્ર ડીનરમાં આવ્યો. એણે સેનાનો પોષાક પહેર્યો હતો અને એસોલ્ટ રાઈફલ સહિત એની પાસે ત્રણ બંદૂક હતી. સંહાર પાછળનો ઈરાદો સ્પષ્ટ કરવા માટે ન તો દીપેન્દ્ર બચ્યો હતો અને ના તો કોઈ કુટુંબીજન બચ્યા હતા. પરિણામે અનેક અટકળોને હવા મળી. એક અહેવાલ પ્રમાણે દીપેન્દ્ર યુકેમાં હતો ત્યારે ગ્વાલિયરના રાજઘરાના સાથે સગપણ ધરાવતી દેવયાની રાણા નામની એક યુવતીના પ્રેમમાં પડ્યો હતો. બંને તરફના વડીલોને આ સંબંધ બંધાય તેની સામે વાંધો હતો. તેથી આવેશમાં આવીને દીપેન્દ્રએ આ હીચકારી કૃત્ય આચર્યું હતું. આ અને આવી ઘણી થિયરીઓ વહેતી થઈ. એક એવી વાત ચાલી હતી કે નેપાળમાં સામ્યવાદી શાસન સ્થાપવા આ આખું કાવતરૂ ચીન દ્વારા ઘડવામાં આવ્યું હતું. નેપાળની ઉત્તરની સરહદ ચીન સાથે જોડાયેલી છે. માઓવાદી નેતા પ્રચંડનો આક્ષેપ છે કે આ સંહારનું કાવતરૂ અમેરિકન CIA અને ભારતે મળીને ઘડયું હતું.

આ ચાલુ વરસના પ્રારંભથી જ નેપાળની પ્રજામાં ઉશ્કેરાટ જોવા મળતો હતો. રાજાશાહીની તરફેણ કરતા છથી વધુ પ્રદર્શનો અને દેખાવો કાઠમાંડુમાં ગયા માર્ચ અને જૂનની વચ્ચે યોજાયો હતાં. ભૂતપૂર્વ રાજા ગ્યાનેન્દ્ર વીર વિક્રમ શાહને દેશના વડા તરીકે ફરીથી સ્થાપવાની માગણીએ સભાઓ અને પ્રદર્શનોમાં થતી હતી. તેમાં ગયા સપ્તાહના મંગળવારે નેપાળના વડા પ્રધાન ખડગ્ર પ્રસાદ શર્મા ઓલીએ ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂક્યો જેથી એમના વિરૂધ્ધ સોશ્યલ મીડિયા થકી લોકો એક ન બને. પણ આ નિર્ણયે આગમાં ઘી હોમવાનું કામ કર્યું.

જે હિંસક અને નુકસાનકારક તોફાનો થયાં તે દુનિયાને જોયાં. આ દરમિયાન સ્થિતિ પર કાબૂ રાખવાનું કામ નેપાળની આર્મીના મુખ્ય વડા જનરલ અશોક રાજ સિગદેલ સંભાળી રહ્યા છે. નેપાળની સેના હિન્દુત્વને વરેલી છે. તેના ધ્વજ પર શિવજીના ડમરૂ અને ત્રિશૂળ મોનોગ્રામ રૂપે છે. પશુપિતનાથ ખાતે બાર જ્યોર્તિલિંગમાનું એક છે. છેલ્લા પાંચ સો વરસથી ડમરૂ અને ત્રિશૂળ ધ્વજ પર યથાવત છે. આ પહેલી વખત આ નવી એકવીસમી સદીમાં જન્મેલા જનરેશન ઝી યુવાઓની રજૂઆતો સાંભળવાનું અને યોગ્ય સુધારા અમલમાં મુકાવાની કામગીરીમાં સેનાની ભૂમિકા, કમ સે કમ, હવે પછીની ચૂંટણી સુધી મહત્ત્વની રહેશે. નેપાળી સેનાનો રણનાદ અથવા રણસૂત્ર છે, 'જય મહાકાલિ, આયો ગોરખાલી.' અર્થાત ગોરખા લડવા માટે હાજર છે.